ગુજરાતમિત્ર

# નવસારી-વલસાડ-વાપી

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૮.૦° સે. | ૨૪.૦° સે. |
| આહવા | ૩૯.૦° સે. | ૨૧.૦° સે. |
| વલસાડ | ૩૬.૦° સે. | ૨૨.૦° સે. |
| વાપી | ૩૬.૦° સે. | ૨૨.૦° સે. |





## નવસારીમાં ગાર્ડા કોલેજ સામે વિદ્યાર્થીઓએ ચક્કાજામ કર્યો

**GCAS** સિસ્ટમ સામે વિદ્યાર્થીનો ઉગ્ર આક્રોશ, ABVPના કાર્યકરોની અટકાયત

**ગૂંચવણભરી** પ્રવેશ પ્રક્રિયાને લઈ વિદ્યાર્થીઓને મુશ્કેલી

નવસારીઃ નવસારી શહેરમાં GCAS (સેન્ટ્રલાઈઝ એડમિશન) પોર્ટલને લઈને વિદ્યાર્થીઓમાં ભારે અસંતોષ ફાટી નીકળ્યો છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના આગેવાનોના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓએ આજે રસ્તા પર ઉતરીને પ્રચંડ વિરોધ નોંધાવ્યો હતો. વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો કે GCAS પોર્ટલમાં સતત આવતી ટેકનિકલ ખામીઓ અને ગૂંચવણભરી એડમિશન પ્રક્રિયા કારણે અનેક વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને સ્થાનિક વિદ્યાર્થીઓને પૂરતો ન્યાય મળતો નથી અને એડમિશન પ્રક્રિયામાં વિલંબથી તેમના ભવિષ્ય પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે.

વિરોધ વધુ તીવ્ર બનતા પ્રદર્શનકારીઓ ગાર્ડા કોલેજ નજીકના મુખ્ય માર્ગ પર બેસી ગયા હતા અને ચક્કાજામ સર્જી દીધો હતો. જેના કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી અને વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી, જેના કારણે સામાન્ય જનતાને ભારે હાલાકી ભોગવવી પડી હતી. પરિસ્થિતિ ગંભીર બનતા પોલીસ દળ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યું હતું. પહેલા સમજાવટથી મામલો શાંત કરવાની કોશિશ કરવામાં આવી, પરંતુ પ્રદર્શનકારીઓ હઠીલા રહેતા પોલીસે પગલાં ભરતાં કેટલાક કાર્યકર્તાઓને અટકાયત હેઠળ લીધા હતા. ABVP દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો GCAS પોર્ટલની ખામીઓ ઝડપથી દૂર કરવામાં નહીં આવે અને વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય નહીં મળે, તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર અને વ્યાપક આંદોલન કરવામાં આવશે.

## વિરાવળ રિંગ રોડ પર જૂની અદાવતમાં યુવક પર ચપ્પુ વડે હુમલો

**હુમલો** કરી ત્રણ ફરાર, પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો

નવસારીઃ શહેરના વિરાવળ નાકા રીંગ રોડ પર મોડી રાત્રે બનેલી હિંસક ઘટનાએ સ્થાનિકોમાં દહેશત ફેલાવી દીધી છે. જૂની અદાવતના કારણે ત્રણ શખ્સોએ મળીને એક યુવક પર ચપ્પુ વડે હુમલો કરતાં તેને ગંભીર ઈજા પહોંચી છે. બનાવ બાદ હુમલાખોરો ફરાર થઈ ગયા છે.

માહિતી અનુસાર, જીમ ટ્રેનર તરીકે કામ કરતા અશ્વિન ઉર્ફે અનિલભાઈ પોતાના મિત્રો ઈમરાન તૈયબ શેખ અને ઈરફાન સાથે રાત્રિના સમયે જમવા માટે નીકળ્યા હતા. વિરાવળ રીંગ રોડ પર આવેલી ચા-નાસ્તાની લારી પાસે ઈમરાન અને ઈરફાન ઊભા રહ્યા હતા, ત્યારે અચાનક ત્રણ શખ્સો ત્યાં આવી ચડ્યા અને કોઈ પણ તક આપ્યા વગર ઈમરાન પર ચપ્પુથી હુમલો કર્યો.

હુમલાખોરોએ ઈમરાનના શરીરના વિવિધ ભાગોમાં ઘા ઝીંકતા તે ગંભીર રીતે ઘવાયો હતો. લોહીલુહાણ હાલતમાં તે પોતાના મિત્ર પાસે પહોંચ્યો અને હુમલાખોરોના નામ જણાવ્યા બાદ બેભાન થઈ ગયો હતો. તેને તરત જ ખાનગી વાહન દ્વારા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો અને બાદમાં વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યો છે. હાલ તેની સ્થિતિ ચિંતાજનક હોવાનું જાણવા મળે છે. તપાસમાં સામે આવ્યું છે કે પાંચ મહિના અગાઉ થયેલી ઝઘડાની ઘટનાની અદાવત રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો. આ કેસમાં આસીફ ઉર્ફે ફૂટ પઠાણ, કિશન દુબે તથા એક અજાણ્યા શખ્સ સામે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો છે.

પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી તેજ કરી છે. મુખ્ય આરોપી આસીફ અગાઉ પણ મારામારીના ગુનામાં સંડોવાયેલો હોવાનું જાણવા મળતા કેસને વધુ ગંભીરતાથી લેવામાં આવી રહ્યો છે.

## યુદ્ધની અસર, ચીખલીમાં ડામરની ખેંચથી કરોડોના વિકાસ કામ પર બ્રેક

**ડામરના** ઊંચા ભાવથી સર્જાયેલી અછતથી નવા માર્ગો, પેચવર્કનાં કામો અટવાયાં



ધર્મેશ પટેલ

ઘેજ: અખાતી દેશોમાં થયેલા યુદ્ધની અસરને પગલે ડામરની અછત સર્જાતા ચીખલી તાલુકામાં ચૂંટણી ટાણે કરોડો રૂપિયાના વિકાસના કામો ખોરંભે પડવા સાથે મરામતની પણ સમસ્યા સર્જાવા પામી છે.

તાલુકામાં માર્ગ મકાન હસ્તક સણવલ્લા, ટાંકલ, રાનકુવા, રૂમલા અને ખારેલ માર્ગની કરોડો રૂપિયાના ખર્ચે કાયાપલટ કરવામાં આવી રહી છે. આ માર્ગને ફોરલેન કરવાની કામગીરી પ્રગતિમાં છે. આ ઉપરાંત સુરખાઇ, અનાવલ, ભીનાર માર્ગનું પણ વાઇડનિંગ કરવામાં આવી રહ્યું હતું. આ ઉપરાંત માર્ગ મકાન પંચાયત વિભાગ દ્વારા પણ તાલુકાભરમાં અનેક માર્ગોના નવીનીકરણના કરોડો રૂપિયાના કામો પ્રગતિ હેઠળ છે. ઉપરોક્ત સ્થિતિમાં ખાડી દેશોમાં થયેલ યુદ્ધના કારણે ડામરનો દુકાળ સર્જાતા કરોડો રૂપિયાના અનેક વિકાસના કામો પર બ્રેક લાગી જવા પામી છે. બીજી તરફ ડામરના ભાવમાં પણ ઉછાળો આવતા એજન્સીઓ માટે પણ ચિંતાનો વિષય બન્યો છે.

તાલુકામાં હવે તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી પ્રચારનો ધમધમાટ ચાલુ હોય તેવામાં વિકાસના કામો ખારભે ચઢતા અને માર્ગો પર પેંચવર્કના કામો પણ ન થતાં ખાસ કરીને સતાધારી પક્ષને મુશ્કેલી ઊભી થવા પામી છે. હોળી-ધૂળેટીના પર્વ બાદ હાલે વિકાસના કામોમાં ગતિ આવી હતી અને બીજી તરફ ચોમાસાની સિઝન શરૂ થવાનો ગાળો પણ ટૂંકો હોય તેવાંમાં ડામરના દુકાળે મોટી સમસ્યા ઊભી કરી છે. ડામરનો પુરવઠો ક્યારે નિયમિત થશે અને ફરી વિકાસના કામો ક્યારે વેગવંતા બનશે તે જોવું રહ્યું.

## ખરેરા નદીનું પાણી સુકાતા આમધરા, મોગરવાડીના ખેડૂતોના માથે આફત

**સિંચાઈના** પાણીના અભાવે પાકને નુકસાનની ભીતિ

**તંત્ર** દ્વારા નહેર મારફતે પાણી ઠાલવવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ ઊઠવા પામી

ઘેજઃ ચીખલી તાલુકામાંથી પસાર થતી ખરેરા નદી આમધરા, મોગરાવાડી વિસ્તારમાં પાણી સુકાઈ જતાં સૂકી ભઠ બનતા ભર ઉનાળે ખેડૂતોને મુશ્કેલી સર્જાવા પામી છે. ત્યારે તંત્ર દ્વારા નહેર મારફતે પાણી ઠાલવવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ ઉઠવા પામી છે.

ખરેરા નદી સુકાતા બોર-કુવામાં પાણીના સ્તર પણ નીચે જઈ રહ્યા છે. આ વિસ્તારમાં સુરણ, કંદ, હળદળ સહિતના પાકોની મોટાપાયે ખેડૂતો ખેતી કરી રહ્યા છે અને બાગાયતી પાકમાં કેળાનું ઉત્પાદન પણ મોટાપાયે કરે છે. હાલ આ પાકોની રોપણીની સિઝન હોય તેવામાં જ નદી સૂકી ભઠ બનતા ખેડૂતોને મોટી સમસ્યા સર્જાવા પામી છે. ઘણા ખેડૂતોને પાકોની રોપણી સિંચાઈ પાણીના અભાવે પાછળ ઠેલાવા પામી છે અને જે ખેડૂતો રોપણી કરી ચુક્યા છે, તે પાકોને પણ વિપરીત અસર વર્તાવા પામી છે.

આ ઉપરાંત આ વિસ્તારમાં શેરડી અને કેટલાક ખેડૂતો ડાંગર તથા શાકભાજીની પણ ખેતી કરતા હોય તેવામાં પૂરતા સિંચાઈના પાણીના અભાવે આ પાકોના ઉત્પાદન પર માઠી અસર થતાં ખેડૂતોને નુકસાની વેઠવાની નોબત આવી છે. વધુમાં હાલે કેરીનો પાક પણ તૈયાર થઈ રહ્યો હોય તેવામાં આંબાવાડીમાં જરૂરિયાત મુજબનું પાણી ન મળતા કેરીનું પોષણ પણ રૂંધાઈ તેવો ઘાટ સર્જાવા પામ્યો છે. મહત્તમ ખેડૂતો સાથે પશુપાલનનો વ્યવસાય સાથે પણ સંકળાયેલા હોય તેવામાં લીલા ઘાસચારાની પણ સમસ્યા ઊભી થવાની શકયતા જોવાઈ રહી છે. હજુ તો ઉનાળાની સિઝને ગતિ પકડી છે અને લાંબો સમય બાકી છે. તેવામાં આમધરા, મોગરાવાડી, પીપલગભણ સહિતના ગામોમાં ખેડૂતોના સિંચાઈના મુખ્ય સ્ત્રોત એવી ખરેરા નદી સુકાઈ જતાં ખેડૂતો માટે ચિંતાનો વિષય બનવા પામ્યો છે. જોકે આ ગામોના નીચાણવાળા વિસ્તારમાં ખરેરા નદીના ચેકડેમોના કારણે પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો જોવા મળી રહ્યો છે. આ સ્થિતિમાં સિંચાઈ વિભાગ દ્વારા નહેરોના માધ્યમથી ખરેરા નદીના ઉપરોક્ત વિસ્તારમાં પાણીનો જથ્થો ઠાલવવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ ઉઠવા પામી છે. બાકી હાલની સ્થિતિએ તો સિંચાઈના પૂરતા પાણીના અભાવે ખેડૂતોને આર્થિક ફટકો પણ સહન કરવો પડે તેમ લાગી રહ્યું છે.

## નવસારીમાં તસ્કરો બેફામ, એક જ દિવસે ત્રણ સ્થળેથી લાખોની ચોરી

**ઉગત** ગામે બંધ ઘરમાંથી રોકડા-દાગીના મળી 9.71 લાખની ચોરી



નવસારી: નવસારી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં તસ્કરો બેફામ બન્યા હોવાની ચોંકાવનારી ઘટનાઓ સામે આવી છે. માત્ર 24 કલાકમાં ત્રણ અલગ-અલગ સ્થળે ચોરીના બનાવો બનતા પોલીસ તંત્ર પર સવાલો ઊભા થયા છે. રહેણાંક મકાનથી લઈને ઓફિસ અને ગામડાના ઘરને નિશાન બનાવી તસ્કરોએ કુલ મળીને લાખોની મતા ઉઠાવી લીધી છે.

શહેરના શાંતાદેવી રોડ પાસે આવેલી સીતા રેસીડેન્સીમાં બનેલી ઘટનામાં, એક બંધ મકાનને ટાર્ગેટ કરવામાં આવ્યું હતું. પરિવાર ગેરહાજર હોવાનો લાભ લઈ તસ્કરો દરવાજો તોડી અંદર પ્રવેશ્યા હતા અને તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી અંદાજે 50 હજારથી વધુની ચોરી કરી નાસી ગયા હતા. આ પછી જુનાથાણા વિસ્તારમાં આવેલી એક ખાનગી ઓફિસ પર પણ તસ્કરોનો હાથફેરો જોવા મળ્યો હતો. 'ન્યુ આઈડિયા એડવર્ટાઈઝિંગ' ઓફિસના શટર તોડી અંદર ઘૂસેલા તસ્કરોએ ચાંદીના સિક્કા અને રોકડ મળી આશરે 60 હજારથી વધુની મતા ચોરી કરી હતી.

સૌથી મોટી ચોરી નવસારીના ઉગત ગામે નોંધાઈ છે. અહીં એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ તાળાં તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને તિજોરીમાંથી સોના-ચાંદીના કિંમતી ઘરેણાં તથા રોકડ મળી અંદાજે 9.71 લાખની ચોરી આચરી હતી. આ બનાવ બાદ ગ્રામ્ય વિસ્તારમાં પણ ભયનો માહોલ છવાઈ ગયો છે.

ત્રણેય બનાવોની ગંભીરતા ધ્યાનમાં લઈ પોલીસે અલગ-અલગ કેસ નોંધ્યા છે અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સીસીટીવી ફૂટેજ, ડોગ સ્ક્વોડ અને ટેક્નિકલ સર્વેલન્સની મદદથી આરોપીઓને ઝડપવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. એક જ દિવસમાં સતત બનેલી આ ચોરીની ઘટનાઓને કારણે નવસારીમાં સુરક્ષાની સ્થિતિ પર પ્રશ્નો ઊભા થયા છે, જ્યારે નાગરિકો પોલીસ પાસેથી ઝડપી કાર્યવાહી અને કડક પગલાંની માંગ કરી રહ્યા છે.



કેરસી બારીયા

## મરિન ટાસ્ક ફોર્સની ભાટ ગામના દરિયાકાંઠે સઘન તપાસ

બીલીમોરાઃ ગુજરાત રાજ્યની દરિયાઈ સુરક્ષા વધુ સઘન બનાવવાના હેતુસર ગણદેવી તાલુકાના દરિયાકિનારા વિસ્તારના ભાટ ગામે શુક્રવારે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આતંકવાદી પ્રવૃત્તિઓને રોકવા તેમજ કાંઠા વિસ્તારમાં શંકાસ્પદ હિલચાલ, બોટ, ડ્રગ્સ પેકેટ્સ, ડ્રોન અને દાણચોરી જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓને અટકાવવા માટે આ કાર્યવાહી કરવામાં આવી હતી. નવસારી જિલ્લાના આશરે ૫૩ કિમી લાંબા દરિયાકાંઠા વિસ્તારમાં વ્યૂહાત્મક રીતે ૫થી ૧૦ કિમીના સેગમેન્ટમાં અલગ અલગ ટીમો દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. જેમાં શુક્રવારે ફિશ લેન્ડિંગ સેન્ટર તરીકે જાણીતા ભાટગામથી કનાઈખાડી સુધી નવસારી સેક્ટરના નાયબ પોલીસ અધિક્ષક આર.એચ. પટેલ તથા પોલીસ ઈન્સ્પેક્ટર યુ.જે. પટેલના નેતૃત્વ હેઠળ મરીન કમાન્ડોની ટીમોએ સંયુક્ત રીતે કોસ્ટલ વિસ્તારમાં શંકાસ્પદ વ્યક્તિ, વાહનો, બોટો તેમજ અવાવરું સ્થળોનું ચેકિંગ કર્યું હતું.

## સેલવાસથી સુરત જતી ST બસમાં દારૂ ઝડપાયો, 4 મહિલા સહિત 6 ઝડપાયા

**થેલાઓની** તલાશી લેતાં દારૂની બોટલો, ટીન અને પાઉચ મળી કુલ રૂ.4.10 લાખનો જથ્થો મળી આવ્યો

પારડીઃ પારડી પોલીસે બાતમીના આધારે વલસાડી ઝાપા બ્રિજ સામે એસ.ટી. બસ સ્ટોપ પાસે નાકાબંધી દરમિયાન સેલવાસ-સુરત (અડાજણ) રૂટની બસને રોકી દારૂ ઝડપી પાડ્યો હતો. પારડી હાઈવે પર એસટી બસ નંબર GJ-18-Z-7172 માં પોલીસે તપાસ કરતાં મુસાફર તરીકે બેસેલા બે ઈસમ અને ચાર મહિલા શંકાસ્પદ જણાયા હતા. તેમની પાસે રહેલા થેલાઓની તલાશી લેતાં દારૂની બોટલો, ટીન અને પાઉચ મળી કુલ કિંમત રૂ.4.10 લાખનો જથ્થો મળી આવ્યો હતો.

જોકે બસમાં આ દારૂ બાબતે ડ્રાઈવર-કંડકટર અજાણ હોય તે મુદ્દે અનેક પ્રશ્નો ઊઠી રહ્યા છે. પોલીસે એન્ડાળ રામબાબુ આશરેશા શાહ (રહે., વાપી ચલા), અમન અચલ ઝા (રહે., દમણ) તેમજ લિલાબેન જશવંતભાઈ પટેલ (રહે., ગણદેવી), મયુરીબેન શંકરભાઈ મગનભાઈ પટેલ (રહે., ઓલગામ), પુષ્પાબેન નવીનભાઈ પટેલ (રહે., વલસાડ) અને પદમાબેન નાથુભાઈ પટેલ (રહે.,ઓલગામ) સહિત 6ની ધરપકડ કરી હતી.

## આહવા-2 જિ.પં.ની સીટ પર એક જ પરિવારનો ચૂંટણી જંગ

**ભાજપ**-કોંગ્રેસના ઉમેદવારો એક જ પરિવારના, મામા સામે ભાણેજની પત્ની મેદાનમાં, ડાંગની આહવા-2 જિલ્લા બેઠક બની હોટ સીટ

**આ અનોખા** અને રસપ્રદ મુકાબલાથી રાજકીય માહોલ ગરમાયો

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. વિવિધ પક્ષનાં આગેવાનો દ્વારા ડોર ટુ ડોર જઈ જોરશોરથી પ્રચાર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જેના કારણે જિલ્લાભરમાં ચૂંટણીની ગરમાહટ સ્પષ્ટપણે અનુભવાઈ રહી છે. જેમાં ડાંગ જિલ્લાની એકમાત્ર આહવા-2 જિલ્લા સીટ (એસ.સી. અનામત બેઠક) આ વખતે વિશેષ ચર્ચાનું કેન્દ્ર બની છે, આ બેઠક પર ત્રિપાંખિયો જંગ જામ્યો છે. આ બેઠક પર ભાજપ પક્ષ તરફથી શ્રદ્ધાબેન તુષારભાઈ ખરે, જ્યારે કોંગ્રેસ તરફથી દિપકભાઈ અમૃતભાઈ પીંપળે અને બી.એસ.પી. પાર્ટી તરફથી ખુદ ડાંગ બી.એસ.પી પાર્ટીનાં પ્રમુખ મહેશભાઈ આહિરે મેદાનમાં છે. આ ચૂંટણીનો સૌથી રસપ્રદ પાસું એ છે કે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો એક જ પરિવાર સાથે નજીકથી જોડાયેલા છે. કોંગ્રેસના ઉમેદવાર દિપક પીંપળે અને ભાજપના ઉમેદવાર શ્રદ્ધાબેન ખરે વચ્ચે નજીકનો પારિવારિક સંબંધ છે. શ્રદ્ધાબેન, દિપક પીંપળેનાં ભાણેજ તુષાર ખરેની પત્ની હોવાને કારણે, આ મુકાબલો માત્ર રાજકીય જ નહીં પરંતુ પારિવારિક રંગ પણ ધારણ કરી ગયો છે. હાલમાં બન્ને પક્ષોના ઉમેદવારો આત્મવિશ્વાસ સાથે પોતાની જીતના દાવા કરી રહ્યા છે. આહવા-2 બેઠક ડાંગ ધારાસભ્ય વિજય પટેલના ગામ સાથે સંકળાયેલી હોવાને કારણે પણ આ સીટ પર રાજકીય વર્તુળોમાં વિશેષ નજર છે. જેમાં ચૂંટણીની તારીખ નજીક આવતાં પ્રચાર વધુ તેજ બનવાની સંભાવના છે. હવે જોવાનું રહેશે કે આ અનોખા અને રસપ્રદ મુકાબલામાં મતદાતાઓ કોના તરફ ઝૂકે છે, તે આવનાર સમય જ બતાવશે.

## નવસારી BJPના 10 કાર્યકર્તા 6 વર્ષ માટે સસ્પેન્ડ

નવસારીઃ જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાભાઈ શાહના નેતૃત્વમાં પક્ષના સત્તાવાર ઉમેદવારો સામે ઊભા રહેલા કુલ 10 કાર્યકર્તાઓને 6 વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી હેઠળ ગણદેવી, જલાલપોર અને નવસારી મહાનગર વિસ્તારના કાર્યકર્તાઓને પક્ષના પ્રાથમિક સભ્યપદેથી દૂર કરવામાં આવ્યા છે.

કેટલાક કાર્યકર્તાઓએ અપક્ષ અથવા અન્ય પક્ષના ટેકાથી ચૂંટણી મેદાનમાં ઉતરતા ભાજપે તેને શિસ્તભંગ ગણાવી કડક નિર્ણય લીધો છે. જિલ્લા નેતૃત્વે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પક્ષની લાઈન સામે જનાર કોઈને પણ માફી નહીં મળે. બળવાખોરોને ટેકો આપનાર સામે પણ આવી જ કાર્યવાહી થશે, તેવી ચીમકી આપવામાં આવી છે.

### સંક્ષિપ્ત સમાચાર

#### ચીખલીના પીપલગભણની સગીરાએ માનસિક બીમારથી કંટાળી ફાંસો ખાધો

ઘેજ: ચીખલી તાલુકાના પીપલગભણ જેરામ ફળિયા ખાતે રહેતી સગીરા અર્ચી દિનેશભાઇ પટેલ (ઉં.વ.૧૭)ને માનસિક બીમારી હોય અને જેની છેલ્લા છ માસથી દવા ચાલતી હોય ત્યારે બીમારીથી કંટાળી જઇ રવિવારના રોજ ઘરમાં લોખંડની એંગલ સાથે ઓઢણી વડે ગળે ફાંસો ખાઇ જીવન ટૂંકાવી લીધું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

#### ગાંજા કેસમાં વાંસદાના યુવાનને ભૂજ જેલમાં મોકલાયો

વાંસદા: વાંસદા પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ બે ગંભીર ગુનાઓમાં મનોજગીરી હાટુગીરી (ફાટુગીરી) ગોસ્વામી (ઉં.વ.૪૫, રહે., રામજીમંદિરની સામે, મોગરાવાડી, વાંસદા)ની ગુનાહિત પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે નવસારી એસ.ઓ.જી. ટીમે દરખાસ્ત તૈયાર કરી હતી. જેને મંજૂરી મળતા, PIT NDPS ACT ૧૯૮૮ની કલમ ૩ હેઠળ અટકાયતી વોરંટ બજાવી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. નવસારી પોલીસે તેને કડક સુરક્ષા વચ્ચે કચ્છની ભુજ પાલારા ખાસ જેલ ખાતે મોકલી આપ્યો હતો.

#### વાપીના પ્રોહિ.ના 35 ગુનામાં 13 વર્ષથી ફરાર ચલાથી ઝડપાયો



વાપી: વાપી ટાઉન પોલીસમથકમાં પ્રોહિબિશનના નોંધાયેલા 35 ગુનામાં અનિલ બિંદેશ્વર યાદવ (ઉં.વ.47, રહે., દાભેલ, મૂળ બિહાર) છેલ્લા 13 વર્ષથી ભાગતો ફરતો હતો. મળેલી બાતમી આધારે એસઓજી પોલીસે દારૂના ગુનામાં ભાગતો ફરતો અનિલ યાદવને વાપી નજીકના ચલા પોલીસ ચેકપોસ્ટ, સાગાકાસા બિલ્ડિંગ સામે માર્ગ પરથી ઝડપી પાડયો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વાપી ટાઉન પોલીસમથકે સોંપ્યો હતો.

#### વાંસદાના શખ્સનું અકસ્માતમાં મોત

ઘેજ: વાંસદા તાલુકાના સરા કમદી ફળિયા ખાતે રહેતા સંજયભાઇ બુધાભાઇ રાઠોડ (ઉં.વ.૪૪) જે બુધવારની રાત્રે હીરો પેશન પ્રો નં.જીજે ૨૧ એએસ ૫૨૦૧ લઈ ચીખલી ખાતે નોકરી પૂર્ણ કરી પરત ઘરે આવતા ખરોલી વાવ ફળિયા પાસે સુરખાઇથી અનાવલ જતા રોડ ઉપર એક અજાણ્યા વાહનચાલકે અડફેટે લેતાં ગંભીર ઇજા પહોંચતા તેમનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. જોકે અજાણ્યા વાહનચાલકે વાહન હંકારી લઈ ફરાર થઇ ગયો હતો.

#### પાણીની ડોલમાં પડી જતાં બાળકીનું મોત

ઘેજ: ચીખલીના પિપલગભણ ગામે પાણીના બાલટીમાં પડી જતાં નાની બાળકીનું મોત નીપજતા પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી. ચીખલી તાલુકાના પિપલગભણ નાયકીવાડ ખરાડા ફળિયા ખાતે રહેતા હેમંતભાઈ અભિમાનભાઈ નાયકા પટેલની બે વર્ષીય દીકરી બ્લેસી જે ગુરૂવારની સાંજના સમયે ઘર આંગણે રમતા રમતા પાણી ભરેલા ડોલમાં પડતા સારવાર અર્થે ચીખલીની રેફરલ હોસ્પિલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ડાંગનું અમૂલ્ય વિરાસત** આદિવાસી સમાજમાં બહેડા વૃક્ષ પ્રત્યે વિશેષ આસ્થા, વૃક્ષ કલ્પવૃક્ષ સમાન, પૂજા કરવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ વધતી હોવાની માન્યતા

## ૨૦૦ વર્ષ જૂનું ઐતિહાસિક 'મધિ બહેડા' વૃક્ષ



ગિરીશ ભોયે

**90થી** 100 ફૂટ ઊંચાઈ ધરાવતું વૃક્ષનું પ્રવાસીઓમાં આકર્ષણ વૃક્ષના ફળ, ફૂલ, છાલનો ઔષધિ તરીકે ઉચારક માનવામાં આવે છે

સાપુતારાઃ ઔષધિય અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા એક અનોખા વૃક્ષ તરીકે ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના ભેંસકાતરી ગામમાં આવેલું 'મધિ બહેડા' વૃક્ષ પ્રસિદ્ધિ પામ્યું છે. ભેંસકાતરી ગામની સરહદે પૂર્ણા નદીના કાંઠે સ્થિત આ બહેડાનું વૃક્ષ અંદાજે 200 વર્ષ જૂનું છે અને તેની ઊંચાઈ આશરે 90થી 100 ફૂટ જેટલી છે. વર્ષોથી પૂર્ણા નદીના પૂરનો સામનો કરવા છતાં આ વૃક્ષ અડીખમ ઊભું રહ્યું છે, જે તેની મજબૂતી અને પ્રાકૃતિક શક્તિનું ઉત્તમ ઉદાહરણ છે. આ અનોખું વૃક્ષ જોવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ભેંસકાતરી ગામની મુલાકાત લે છે, જેના કારણે તે વિસ્તારનું આકર્ષણ કેન્દ્ર બની ગયું છે.

બહેડા વૃક્ષનું વૈજ્ઞાનિક નામ Terminalia bellirica છે. અંગ્રેજીમાં તેને Bedda nuts, ગુજરાતીમાં બહેડો, હિન્દીમાં હલ્લા બહેડા અને સંસ્કૃતમાં વિભીતક તરીકે ઓળખવામાં આવે છે. મહુડાના વૃક્ષ જેવા પાન ધરાવતા આ વૃક્ષના ફૂલ, ફળ અને છાલનો ઉપયોગ ઔષધિ તરીકે થાય છે. બહેડાના વૃક્ષો સમગ્ર ભારતમાં જોવા મળે છે, પરંતુ ડાંગ, વલસાડ, તાપી, નવસારી, સુરત અને નર્મદા જિલ્લાના જંગલોમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. "આપણું દક્ષિણ ગુજરાત" ગ્રુપના અમિત રાણા જણાવે છે કે ભેંસકાતરી ગામની આસપાસ આવેલું આ બહેડાનું વૃક્ષ ડાંગ જિલ્લામાં એકમાત્ર અત્યંત પ્રાચીન અને દુર્લભ વૃક્ષ તરીકે ઓળખાય છે. ગામના વિનોદભાઈ અને પંકજ પટેલના જણાવ્યા મુજબ, પ્રાચીન ભારતીય પરંપરામાં વનસ્પતિઓના પાન, ફૂલ, છાલ અને મૂળનો ઉપયોગ વિવિધ રોગોના ઉપચાર માટે થતો આવ્યો છે. બહેડો વાત, પિત્ત અને કફ - ત્રણે દોષોને સંતુલિત કરનાર ઉત્તમ ઔષધ છે. ઉપરાંત, લોહીની ઉણપ, આંખના મોતિયા, ડાયાબિટીસ, ડાયરીયા, ટાઈફોઈડ, સોજા, ચામડીના રોગો અને અન્ય અનેક તકલીફોમાં પણ બહેડો લાભકારી માનવામાં આવે છે.

આદિવાસી સમાજમાં પણ બહેડા વૃક્ષ પ્રત્યે વિશેષ આસ્થા છે. રવિવાર અને મંગળવારે તેઓ આ વૃક્ષનું પૂજન કરે છે અને પૂર્વ અથવા ઉત્તર દિશામાં મુખ રાખીને પાન અને મૂળની માંગણી કરે છે. ત્યારબાદ તેને લાલ કપડામાં બાંધી તિજોરી અથવા ઘરનાં મંદિરમાં સ્થાપિત કરવામાં આવે છે. આ વૃક્ષને કલ્પવૃક્ષ સમાન માનવામાં આવે છે અને તેની પૂજા કરવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ વધે છે એવી માન્યતા પ્રચલિત છે. આ રીતે 'મધિ બહેડા' માત્ર એક વૃક્ષ નહીં, પરંતુ ઔષધિય, પર્યાવરણીય અને ધાર્મિક મહત્વ ધરાવતું દક્ષિણ ગુજરાતનું એક અમૂલ્ય પ્રાકૃતિક વારસો છે..